# Prime Minister’s Departure Statement ahead of his visit to Rome and Glasgow

October 28, 2021

# રોમ અને ગ્લાસગો જવા રવાના થતા અગાઉ વડાપ્રધાનનું નિવેદન

ઓક્ટોબર 28, 2021

હું મહામહિમ વડાપ્રધાન મારિયો ડ્રેગીના આમંત્રણને માન આપીને 29-31 ઓક્ટોબર, 2021 દરમિયાન રોમ, ઈટાલી અને વેટિકન સિટીની મુલાકાત લઈશ. ત્યારબાદ હું વડાપ્રધાન બોરિસ જોન્સનના આમંત્રણ પર 1-2 નવેમ્બર 2021 દરમિયાન ગ્લાસગો, યુનાઈટેડ કિંગડમની યાત્રા કરીશ.

રોમમાં હું 16મી જી20 લીડર્સ સમિટમાં હાજરી આપીશ, જ્યાં હું કોવિડ મહામારી, ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તનમાંથી વૈશ્વિક આર્થિક અને આરોગ્ય પુનઃપ્રાપ્તિ પર ચર્ચામાં અન્ય જી20 નેતાઓ સાથે જોડાઈશ. 2020માં કોરોના રોગચાળો ફાટી નીકળ્યા પછી જી20ની આ પ્રથમ વ્યક્તિગત સમિટ હશે અને અમને વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિનો સ્ટોક લેવા અને આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા અને રોગચાળામાંથી સર્વસમાવેશક અને ટકાઉ પુનઃનિર્માણ માટે જી20 કેવી રીતે એન્જિન બની શકે છે તેના પર વિચારોનું આદાનપ્રદાન કરવાની મંજૂરી આપશે.

મારી ઈટાલીની મુલાકાત દરમિયાન હું હિઝ હોલીનેસ પોપ ફ્રાન્સિસને મળવા અને સેક્રેટરી ઓફ સ્ટેટ, હિઝ એમિનન્સ કાર્ડિનલ પીટ્રો પેરોલિનને મળવા વેટિકન સિટીની પણ મુલાકાત લઈશ.

જી20 સમિટની સાથે સાથે હું અન્ય ભાગીદાર દેશોના નેતાઓ સાથે પણ મુલાકાત કરીશ અને તેમની સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરીશ.

31 ઑક્ટોબરના રોજ જી-20 સમિટના સમાપન પછી, હું 26મી કૉન્ફરન્સ ઑફ પાર્ટીઝ (સીઓપી-26)માં સંયુક્ત રાષ્ટ્રના ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (યુએનએફસીસીસી)માં હાજરી આપવા ગ્લાસગો જવા રવાના થઈશ. હું 1-2 નવેમ્બર, 2021ના રોજ વિશ્વભરના 120 રાજ્યો/સરકારના વડાઓ સાથે 'વર્લ્ડ લીડર્સ સમિટ' (ડબલ્યુએલએસ) શીર્ષક ધરાવતા સીઓપી-26ના ઉચ્ચ સ્તરીય સેગમેન્ટમાં ભાગ લઈશ.

કુદરત સાથે સુમેળ જાળવવાની અમારી પરંપરા અને વિશ્વ પ્રત્યે ઊંડો આદર રાખવાની સંસ્કૃતિને અનુરૂપ, અમે સ્વચ્છ અને નવીનીકરણીય ઉર્જા, ઊર્જા કાર્યક્ષમતા, વનીકરણ અને જૈવ-વિવિધતાના વિસ્તરણ પર મહત્ત્વાકાંક્ષી પગલાં લઈ રહ્યા છીએ. આજે, ભારત આબોહવા અનુકૂલન, શમન અને સ્થિતિસ્થાપકતા અને બહુપક્ષીય જોડાણો બનાવવા માટે સામૂહિક પ્રયાસોમાં નવા વિક્રમો સર્જી રહ્યું છે. સ્થાપિત નવીનીકરણીય ઉર્જા, પવન અને સૌર ઉર્જા ક્ષમતાના સંદર્ભમાં ભારત વિશ્વના ટોચના દેશોમાં સામેલ છે. ડબ્લ્યુએલએસમાં હું આબોહવા અંગેના પગલાં અને અમારી સિદ્ધિઓ પર ભારતના ઉત્તમ ટ્રેક રેકોર્ડને શેર કરીશ.

હું કાર્બન સ્પેસના એકસમાન વિતરણ, તેના શમન અને અનુકૂલન અને સ્થિતિસ્થાપકતા નિર્માણના પગલાં માટે સમર્થન, નાણાની ગતિશીલતા, ટેક્નોલોજી ટ્રાન્સફર અને ગ્રીન તથા સમાવેશક વૃદ્ધિ માટે ટકાઉ જીવનશૈલીના મહત્વ સહિત આબોહવા પરિવર્તનના મુદ્દાઓને વ્યાપકપણે સંબોધવાની જરૂરિયાત પર ભાર મુકીશ.

સીઓપી 26 સમિટ પાર્ટનર દેશોના નેતાઓ, ઈનોવેટર્સ અને ઈન્ટર-ગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન સહિતના તમામ હિતધારકોને મળવાની અને આપણા સ્વચ્છ વિકાસને વધુ વેગ આપવા માટેની શક્યતાઓ શોધવાની તક પણ પૂરી પાડશે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબરન 28, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.